©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] WEDNESDAY, 17th DECEMBER, 2025/AGRAHAYAN 26, 1947 [No. 8603

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસુચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ - ૧૯૭૬

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૭ (જામનગર)

" નમુનો-ઝ "

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯

(નિયમ ૨૬ (૧) અને ૨૬ (૩))

ક્રમાંક : ન.ર.યો.નં.૨૭(જામનગર)/અધિસુચના/૪૬૮.–હું નીચે સહી કરનાર નગર રચના અધિકારી, નગર રચના યોજના, જામનગર આથી તમામ હિત ધરાવતી અને સંબંધિત વ્યક્તિઓને જાણ કરું છુ કે, ગુજરાત સરકારશ્રીના તા.૧૮-૦૮-૨૦૨૫ ના અસાધારણ રાજયપત્ર ભાગ-IV-B ના પાના નં.૪૨૯-૧ થી ૪૨૯-૩ ઉપર પ્રસિધ્ધ થયેલ તે સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની તા.૧૮/૦૮/૨૦૨૫ ના જાહેરનામા ક્રમાંક: GH/V/297 OF 2025/UDUHD/TPS/e-file/18/2025/1767/L થી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૭(જામનગર) મંજુર થયેલ છે. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની તા.૧૮-૦૮-૨૦૨૫ ની અધિસુચના ક્રમાંક: જીએચ/વી/૨૦૨૫ નો ૨૯૮/UDUHD/TPS/e-file/18/2025/1767/L જેની પ્રસિધ્ધિ ગુજરાત સરકારશ્રીના તા.૧૮-૦૮-૨૦૨૫ ના અસાધારણ રાજ્યપત્ર ભાગ-IV-B ના પાના નં.૪૩૦-૧ ઉપર પ્રસિધ્ધ થયેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૬ (જામનગર) ને અંતિમ કરવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૦ ની પેટા કલમ-(૧) હેઠળ નગર રચના અધિકારી, નગર રચના યોજના, જામનગરની નગર રચના અધિકારીશ્રી તરીકે હોદ્દાની રૂએ નિમણુંક કરવામાં આવેલ છે. આમ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ ૨૬ ના પેટા નિયમ (૧) થી ઠરાવ્યા મુજબ હું આથી નોટીસ આપુ છું કે, મેં તા.૧૩/૧૨/૨૦૨૫ ને શનિવાર ના રોજ નગર રચના અધિકારી તરીકેની મારી ફરજો સંભાળી લીધેલ છે.

ઉપરોકત નગર રચના યોજનાની ચતુ:સીમામાં સમાવિષ્ટ મોજે : જામનગરના સર્વે / બ્લોક નંબરો નીચે મુજબ છે.

૯૪૯/પૈ૧/પૈ૧, ૯૪૯/પૈ૧/પૈ૨, ૯૫૧/પૈ૧, ૯૫૧/પૈ૨, ૯૫૨/૧/પૈ૧, ૯૫૨/૧/પૈ૨, ૯૫૨/૧/પૈ૩, ૯૫૨/૨/પૈ૧, ૯૫૨/૨/પૈ૨, ૯૫૨/૨/પૈ૩, ૯૫૨/૨/પૈ૪, ૯૫૩/પૈ૧, ૯૫૩/પૈ૨, ૯૫૩/પૈ૩, ૯૬૦/૧/પૈ૧, ૯૬૦/૧/પૈ૨, ૯૬૦૧/૧/પૈ૩, ૯૬૭, ૯૬૮/પૈ૧, ૯૬૯/પૈ૧, ૯૬૯/પૈ૨, ૯૭૦, ૯૭૧/પૈ૧, ૯૭૧/પૈ૨, ૯૭૨/પૈ૧, ૯૭૨/પૈ૨/પૈ૧, ૯૭૨/પૈ૨/પૈ૨, ૯૭૨/પૈ૨/પૈ૩, ૯૭૫, ૯૭૬, ૯૭૭, ૯૭૮, ૯૭૯, ૯૮૦/પૈ૧, ૯૮૧, ૯૮૨/પૈ૧, ૯૮૨/પૈ૨, ૯૮૩/૧/૧/પૈ૧, ૯૮૩/૧/૧/પૈ૨, ૯૮૩/૧/૨, ૯૮૩/૧/૧/પૈ૩, ૯૮૩/૨, ૯૮૪/૧, ૯૮૪/૨, ૯૮૫/૧, ૯૮૫/૨, ૯૮૬, ૯૮૭, ૯૮૮/પૈ૧, ૯૮૯/પૈ૧, ૯૯૦/૧, ૯૯૦/૨, ૯૯૧/૧, ૯૯૧/૨, ૯૯૨/૧, ૯૯૨/૨, ૯૯૩/૧/પૈ૧, ૯૯૩/૧/પૈ૨, ૯૯૩/૧/પૈ૩, ૯૯૩/૨, ૯૯૪/પૈ૧, ૯૯૪/પૈ૨, ૯૯૫, ૯૯૬,૯૯૭, ૯૯૯/પૈ૧, ૯૯૯/પૈ૨, ૧૦૦૦, ૧૦૦૧, ૧૦૦૨/પૈ૧, ૧૦૦૨/પૈ૨, ૧૦૦૨/પૈ૩, ૧૦૦૩/૧, ૧૦૦૩/૨, ૧૦૦૪, ૧૦૦૫, ૧૦૦૬, ૧૦૦૭/૧,૧૦૦૭/૨,૧૦૦૯, ૧૦૧૦, ૧૦૧૧/પૈ૧, ૧૦૧૧/પૈ૨, ૧૦૧૨, ૧૦૧૩/૧,૧૦૧૩/૨, ૧૦૧૩/૩, ૧૦૧૩/૪, ૧૦૧૩/૫,૧૦૧૪, ૧૦૧૫, ૧૦૧૮,૧૦૨૧/પૈ૧,૧૦૨૧/પૈ૨,૧૦૨૧/પૈ૩,૧૦૨૨,૧૦૨૩,૧૦૨૪,૧૦૨૫/૧,૧૦૨૫/૨,૧૦૨૬,૧૦૨૭/૧,૧૦૨૭/૨,૧૦૨૮/૧,૧૦૨૮/૨,

૧૦૨૯, ૧૦૩૦, ૧૦૩૧, ૧૦૩૨/પૈ૧, ૧૦૩૨/પૈ૨/પૈ૧, ૧૦૩૨/પૈ૨/પૈ૨, ૧૦૩૩, ૧૦૩૪, ૧૦૩૫/પૈ૧,૧૦૩૫/પૈ૨, ૧૦૩૬, ૧૦૩૬/પૈ૧/પૈ૧, ૧૦૩૬/પૈ૧, ૧૦૩૭, ૧૦૩૮/૧, ૧૦૩૮/૨, ૧૦૩૮/૨/પૈ૧, ૧૦૪૦, ૧૦૪૧/પૈ૧, ૧૦૪૧/પૈ૨, ૧૦૪૧/પૈ૩, ૧૦૪૧/પૈ૫, ૧૦૪૧/પૈ૩/પૈ૧, સરકારી પડતર, ૯૪૯/પૈ૧/પૈ૧/પૈ૧, ૯૪૯/પૈ૨/પૈ૧/પૈ૨, ૯૪૯/પૈ૨, ૯૫૩/પૈ૧/પૈ૧, ૯૫૩/પૈ૨/પૈ૧, ૯૫૩/પૈ૪, ૯૬૦/૧, ૯૬૬/પૈ૨, ૯૬૮/પૈ૨, ૯૮૮/પૈ૨, ૯૮૯/પૈ૨.

ઉપરોક્ત નગર રચના યોજનાની ચતુ:સીમા અને હદ નીચે મુજબ છે.

ઉત્તરે : ગામ જામનગરના સર્વે નં.૧૦૪૨

દક્ષિણે : સુચિત ૭૫.૦૦ મી. ડી.પી. રોડ તથા તેને સંલગ્ન ગામ જામનગરના સર્વે નં.૯૬૮/પૈકી, ૯૬૫, ૯૬૦/પૈકી, ૯૫૯/પૈકી, ૯૫૫, ૯૫૪/૧, ૯૫૩/પૈકી, ૯૪૯/પૈકી, ૯૫૦

પુર્વે : સુચિત ૧૮.૦૦ મી. ડી.પી. રોડ તથા તેને સંલગ્ન ગામ જામનગરના સર્વે નં.૭૬૦/૧, ૭૬૭, ૭૬૮, ૭૬૯, ૭૭૨, ૭૭૫, ૭૭૬, ૭૭૭, ૭૭૮, ૭૭૯, ૭૮૦, ૭૮૧, ૭૮૨, ૭૮૭, ૭૮૮/૧, ૭૮૮/૨, ૭૯૧, ૭૯૯, ૮૦૦, ૮૦૧

પશ્ચિમે : રંગમતી નદીના કાંઠાનો વિસ્તાર.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ હેઠળ કરેલા નિયમોના નિયમ -૨૬(૩) થી ફરમાવ્યા પ્રમાણે હું આથી તમામ હિત ધરાવતી વ્યક્તિઓને અથવા ઉપરની નગર રચના યોજનામાં સમાવિષ્ટ કોઈપણ બાબતથી અસર પામેલી વ્યક્તિઓને જાણ કરું છું કે, તેઓને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૫૨ માં જણાવેલી બાબતોનાં સંબંધમાં સરકારી રાજપત્રમાં આ નોટીસ પ્રસિધ્ધ થયાનાં ૨૦ દિવસની અંદર પોતાના વાંધા જરૂરી પુરાવા અને દસ્તાવેજો સાથે મારી સમક્ષ લેખીત જણાવવા. ઉપરની નગર રચના યોજનાથી પ્રતિકુળ અસર થયેલ કોઈ પણ વ્યક્તિ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ ની કલમ-૮૨ અનુસાર નુકશાની માટે હક્કદાર છે અને તેણે તેના દાવાની વિગતો આ નોટીસ પ્રસિધ્ધ થયાની ત્રણ મહિનાની અંદર નીચે સહી કરનાર નગર રચના અધિકારીને જરૂરી દસ્તાવેજો અને પુરાવા સાથે જણાવવી.

સરકારશ્રીએ મંજુર કરેલી નગર રચના યોજના નં.૨૭ (જામનગર)ની નકલ જરૂરી તમામ દસ્તાવેજો, પત્રકો, પ્લાનો, નમુનાઓ જોવા માટે રજાના દિવસો સિવાય તમામ દિવસોએ કચેરીના સમય દરમિયાન નગર રચના અધિકારીની કચેરીમાં ખુલ્લી રાખવામાં આવશે અને જમીનમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને અને નગર રચના યોજનાની દરખાસ્તોથી અસર પામેલ કોઈ વ્યક્તિને ઉપર્યુક્ત કચેરીમાં યોજના જોવાની વિનંતી કરવામાં આવે છે, ત્યાં યોજનાની દરખાસ્તો સમજાવવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

સ્થળ : જામનગર
તા. ૧૩-૧૨-૨૦૨૫

સહી/- અવાચ્ય
નગર રચના અધિકારી
નગર રચના યોજના
જામનગર

કચેરીનુ હાલનું સરનામુ :
નગર રચના અધિકારીશ્રીની કચેરી,
નગર રચના યોજના, જામનગર, “ફાયર શાખા” બિજો માળ,
જામનગર મહાનગર પાલિકા, જામનગર-૩૬૧૦૦૧.

અધિસુચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ - ૧૯૭૬
મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧ (જામનગર) (પ્રથમ ફેરફાર)
“ નમુનો-ઝ ”
ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૨૬(૧) અને ૨૬(૩)

ક્રમાંક : ન.ર.યો.નં.૧(જામનગર)(પ્રથમ ફેરફાર)/અધિસુચના/૪૬૯.–હું નીચે સહી કરનાર નગર રચના અધિકારી, નગર રચના યોજના, જામનગર આથી તમામ હિત ધરાવતી અને સંબંધિત વ્યક્તિઓને જાણ કરું છુ કે, ગુજરાત સરકારશ્રીના તા.૨૬-૦૯-૨૦૨૫ના અસાધારણ રાજયપત્ર ભાગ-IV-B ના પાના નં.૫૧૬-૧ થી ૫૧૬-૨ ઉપર પ્રસિધ્ધ થયેલ તે સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૨૬-૦૯-૨૦૨૫ના જાહેરનામા ક્રમાંક:જીએચ/વી/૩૫૪ ઓફ ૨૦૨૫/UDUHD/TPS/e-file/18/2025/5955/L- થી મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧(જામનગર)(પ્રથમ ફેરફાર) મંજુર થયેલ છે. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની તા.૨૬-૦૯-૨૦૨૫ ની અધિસુચના ક્રમાંક : જીએચ/વી/૨૦૨૫ નો ૩૫૫/UDUHD/TPS/e-file/18/2025/5955/L- જેની પ્રસિધ્ધિ ગુજરાત સરકારશ્રીના તા.૨૬-૦૯-૨૦૨૫

ના અસાધારણ રાજ્યપત્ર ભાગ-IV-B ના પાના નં.૫૧૭-૧ ઉપર થયેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧ (જામનગર)(પ્રથમ ફેરફાર) ને અંતિમ કરવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૦ ની પેટા કલમ-(૧) હેઠળ નગર રચના અધિકારી, નગર રચના યોજના, જામનગરની નગર રચના અધિકારીશ્રી તરીકે હોદ્દાની રૂએ મારી નિમણુંક કરવામાં આવેલ છે. આમ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ ૨૬ ના પેટા નિયમ (૧) થી ઠરાવ્યા મુજબ હું આથી નોટીસ આપુ છું કે, મેં તા.૧૩-૧૨-૨૦૨૫ ને શનિવાર ના રોજ નગર રચના અધિકારી તરીકેની મારી ફરજો સંભાળી લીધેલ છે.

સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧ (જામનગર)(પ્રથમ ફેરફાર) ના વિસ્તારમાં નીચે પ્રમાણેનાં અંતિમખંડોનો સમાવેશ થાય છે. આખરી નગર રચના યોજના નં. ૧ (જામનગર)(પ્રથમ ફેરફાર) નાં અંતિમખંડ નં.૬૨(સેલ ફોર રેસિડન્સ), ૯૫(પ્રાઈમરી સ્કુલ અને પ્લે ગ્રાઉડ) ની જમીનનો સમાવેશ થાય છે. તેની હદ વિસ્તારની ચતુ:સીમા નીચે મુજબ છે.

મુસદ્દારૂપ નગર રચના યોજના નં ૧ (જામનગર) (પ્રથમ ફેરફાર) ની ચતુ:સીમા અને હદ નીચે મુજબ છે.

(૧) અંતિમખંડ નં ૬૨(સેલ ફોર રેસિડન્સ) ની ચતુ:સીમા

ઉત્તરે : આખરી નગર રચના યોજના નં ૧ (જામનગર)ના ૧૮.૦૦ મીટર પહોળાઈનો ટી.પી./ડી.પી. રોડ

દક્ષિણે : આખરી નગર રચના યોજના નં ૧ (જામનગર)ના અંતિમખંડ નં. ૬૩

પુર્વે : આખરી નગર રચના યોજના નં ૧ (જામનગર)ના ૨૪.૦૦ મીટર પહોળાઈનો ટી.પી./ડી.પી. રોડ

પશ્ચિમે : આખરી નગર રચના યોજના નં ૧ (જામનગર)ના અંતિમખંડ નં.૬૧

(૨) અંતિમખંડ નં ૯૫(પ્રાઈમરી સ્કુલ અને પ્લે ગ્રાઉડ) ની ચતુ:સીમા

ઉત્તરે : આખરી નગર રચના યોજના નં ૧ (જામનગર)ના અંતિમખંડ નં. ૯૬

દક્ષિણે : આખરી નગર રચના યોજના નં ૧ (જામનગર)ના ૧૮.૦૦ મીટર પહોળાઈનો ટી.પી./ડી.પી. રોડ રોડ

પુર્વે : લાગુ રે.સ.નં ૨૯૦ પૈકી ની જમીન

પશ્ચિમે : આખરી નગર રચના યોજના નં ૧ (જામનગર)ના ૨૪.૦૦ મીટર પહોળાઈનો ટી.પી. /ડી.પી. રોડ રોડ

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૯ હેઠળ કરેલા નિયમોના નિયમ -૨૬(૩) થી ફરમાવ્યા પ્રમાણે હું આથી તમામ હિત ધરાવતી વ્યકિતઓને અથવા ઉપરની નગર રચના યોજનામાં સમાવિષ્ટ કોઈપણ બાબતથી અસર પામેલી વ્યકિતઓને જાણ કરું છું કે,તેઓને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૫૨ માં જણાવેલી બાબતોનાં સંબંધમાં સરકારી રાજપત્રમાં આ અધિસુચના પ્રસિધ્ધ થયાનાં ૨૦ દિવસની અંદર પોતાના વાંધા જરૂરી પુરાવા અને દસ્તાવેજો સાથે મારી સમક્ષ લેખીત જણાવવા. ઉપરની નગર રચના યોજનાથી પ્રતિકુળ અસર થયેલ કોઇ પણ વ્યક્તિ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૮૨ અનુસાર નુકશાની માટે હક્કદાર છે અને તેણે તેના દાવાની વિગતો આ નોટીસ પ્રસિધ્ધ થયાની ત્રણ મહિનાની અંદર નીચે સહી કરનાર નગર રચના અધિકારીને જરૂરી દસ્તાવેજો અને પુરાવા સાથે જણાવવી.

સરકારશ્રીએ મંજુર કરેલી આખરી નગર રચના યોજના નં. ૧ (જામનગર)(પ્રથમ ફેરફાર) ની નકલ જરૂરી તમામ દસ્તાવેજો, પત્રકો, નકશાઓ જોવા માટે રજાના દિવસો સિવાય તમામ દિવસોએ કચેરીના સમય દરમિયાન નગર રચના અધિકારીની કચેરીમાં ખુલ્લી રાખવામાં આવશે અને જમીનમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને અને નગર રચના યોજનાની દરખાસ્તોથી અસર પામેલ કોઈ વ્યક્તિને ઉપર્યુક્ત કચેરીમાં યોજના જોવાની વિનંતી કરવામાં આવે છે, ત્યાં યોજનાની દરખાસ્તો સમજાવવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

સ્થળ : જામનગર
તા. ૧૩-૧૨-૨૦૨૫

સહી/- અવાચ્ય
નગર રચના અધિકારી
નગર રચના યોજના
જામનગર

કચેરીનુ હાલનું સરનામુ :
નગર રચના અધિકારીશ્રીની કચેરી,
નગર રચના યોજના, જામનગર, “ફાયર શાખા” બિજો માળ,
જામનગર મહાનગર પાલિકા, જામનગર-૩૬૧૦૦૧.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2025.12.20 10:27:54 IST